# પ્રકરણ-૫

## ગુજરાતી નિબંધ સાહિત્યમાંથી પસંદ કરેલા અન્ય પાંચ નિબંધોના પસંદ કરેલા પરિચ્છેદોનું વિશ્લેષણ

ગુજરાતી ભાષામાં ગદ્યની તપાસ પ્રમાણમાં ઓછી થઈ છે. અનેક ગદ્યસંચયો, નિબંધસંચયો અનેક હાથે થયા હોવા છતાં આમ કહેવું પડે છે. સાથે સાથે એ પણ સ્વીકારવાનું કે આ પરિસ્થિતિ નાનામોટા પાયે બધા જ સાહિત્યવિવેચનમાં પ્રવર્તે છે. શૈલીવિજ્ઞાનની ચર્ચાઓ યુરોપ અને અમેરિકામાં પુષ્કળ થઈ હોવા છતાં ત્યાં પણ આવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. જ્યોફ્રે લીચ અને એમ.શોર્ટ તેમના જાણીતા ગ્રંથમાં શૈલીની ચર્ચા કરતા એમ કહે છે કે 'નવ્ય શૈલીવિજ્ઞાને કૃતિઓના કે સર્જકોના શૈલીગત લક્ષણોનો સુપેરે અભ્યાસ કર્યો હોવા છતાં હજુ ગદ્યશૈલીની પૂરતી સૈદ્ધાંતિક વિચારણા પ્રાપ્ત થઈ શકી નથી.' (પૃ.૩, લોંગમેન પેપરબેક, ૧૯૮૧, )

આ પરિસ્થિતિમાં કયો માર્ગ શોધવો ? નિબંધકાર અથવા તો કોઈ પણ લેખક શાબ્દિક અભિવ્યક્તિ માટે કયા પ્રકારની યુક્તિઓ અજમાવે છે, એની તપાસ કરવી પડે. કેટલીક વખત સામાન્ય વપરાશમાં ન હોય તેવા અન્વય, શબ્દભંડોળ, અલંકારો નિબંધકાર પ્રયોજે છે. આ પ્રકારની નવીનતાથી શું સિદ્ધ થઈ શકે છે તે દૃષ્ટાંત વડે સમજાવવું જોઈએ. એવું કહેવાયું છે કે 'અસામાન્ય શબ્દોના અસામાન્ય ઉપયોગ વડે શૈલી નિયત કરી શકાય છે; પરંતુ દર વખતે આ વાત સાચી પુરવાર નથી થતી, કેટલીક વાર તો સાવ સાદા શબ્દો દ્વારા પણ અસરકારક શૈલી ઉપજાવી શકાય છે. એટલે આવી કોઈ પૂર્વધારણાઓ વિના જ આગળ વધવું ઉચિત લેખાશે. વ્યાકરણગત કોટિઓનો ઉપયોગ પણ ક્યારેક શૈલીનું નિર્ણાયક તત્ત્વ બની શકે. એક વધુ સારો રસ્તો એ છે કે કેટલીક વિશિષ્ટ ઉક્તિઓ લઈને તેમની જગાએ નવી ઉક્તિઓ સર્જી બતાવવી. શૈલીવિજ્ઞાનની ભાષામાં કહેવું હોય તો ડીપ સ્ટ્રક્ચરને સાચવીને સરફેસ સ્ટ્રક્ચર બદલતા જવું. આમ કરવાથી મૂળ શૈલીની મોહિની કેટલી ઓછી થાય છે તેનો પણ ખ્યાલ આવશે. દર વખતે આ વાત સાચી પુરવાર ન પણ થાય. આપણી અલંકારરચનામાં પણ મૂળ વાત મુખની અપ્રતીમ સુંદરતા વ્યક્ત કરવા માટે કેટકેટલા પ્રકારની અભિવ્યક્તિઓ શક્ય થાય છે એ પણ જોઈ શકાશે.

કાકાસાહેબ કાલેલકર ગાંધીજીના અંતેવાસી હોવા છતાં એમના નિબંધોની શૈલી કોશિયાથી ઘણી બધી છેટે રહી ગઈ. પણ બીજી બાજુએ સ્વામી આનંદ ગાંધીજીના આદેશને માથે ચઢાવીને તળપદી શૈલીમાં આલેખન કરે છે એવું ન માનીએ તો પણ પોતાની સૂઝસમજથી એ દિશામાં વળ્યા. વળી તેઓ જે પ્રકારના લોકોની વચ્ચે રહ્યા તેમના માટે તેઓ તો જાણે લખે છે. પરિણામે તેમની ભાષા, અદના માનવીઓની ભાષા એમના નિબંધોમાં જોવા મળે છે. એ સામાન્ય માનવીઓના જીવનરંગનું પ્રતિબિંબ એ ભાષામાં પડે છે. દરેક સર્જક યુગનું પ્રતિબિંબ ઝીલતો હોય પણ સાથે સાથે પોતાની વિશિષ્ટ વ્યક્તિતા વડે પણ ઘણું બધું સર્જવા મથતો હોય છે. સુરેશ જોષીના વ્યક્તિત્વ ઉપર આરંભથી

જ રવીન્દ્રનાથનો ભારે પ્રભાવ પડ્યો હતો. યુરોપ અમેરિકાના સાહિત્યના ગાઢ પરિચય પછી પણ એ પ્રભાવ ઓસર્યો ન હતો. પરંપરા સામે વિદ્રોહ કરતા હોવા છતાં નિબંધોની ભાષામાં એવો કોઈ વિદ્રોહ જોવા મળતો નથી. પોતાના સાંપ્રત જીવન સાથે મેળ ખાતો નથી ત્યારે તેઓ ભૂતકાળમાં સરી જાય છે અને સાથે જ પ્રકૃતિનાં રમ્ય રૂપો સર્જવા તૈયાર થાય છે. પણ વિદ્રોહી વૃત્તિ હોવા છતાં તેઓ પોતાની ભાષામાંથી સંસ્કૃતપ્રચુર ભાષાનો ત્યાગ કરી શક્યા નથી.

ભોળાભાઈ પટેલ પ્રવાસી જીવ છે. એમની ભાષા પણ વિદ્વદ્‌ભોગ્ય બને છે, તેઓ માત્ર પ્રવાસી નથી પણ તેઓ સાહિત્યજગતના સંદર્ભો અવારનવાર આપતા જાય છે, પરિણામે આપણને એક બહુશ્રુત વ્યક્તિના નિબંધોની શૈલી જોવા મળે છે અને તેમની આવ્યક્તિતા તેમને કાકાસાહેબ કાલેલકરથી અલગ પાડે છે. તેઓ તુલનાત્મક સાહિત્યના અભ્યાસી હોવાના કારણે ભારતની બીજી ભાષાઓના સાહિત્યનો ગાઢ પરિચય પણ તેમને છે. આમ તેમના નિબંધોની શૈલીમાં આ બધાં વાનાં ઉમેરાતાં જાય છે. એટલે તેના નિબંધોનો વાચક વર્ગ એક રીતે સીમિત થઈ ગયો.

બફૂનનું બહુ જાણીતું વાક્ય છે : શૈલી એટલે વ્યક્તિત્વ. ઉમાશંકર જોશીએ ‘શૈલી અને સ્વરૂપ’માં આની વિશેષ ચર્ચા કરીને વાણીની સ્થૂળ લાક્ષણિકતાઓ નહીં પરંતુ સર્જકના સમગ્ર વ્યક્તિત્વ સાથે સાંકળે છે. ‘માણસના સમગ્ર વ્યક્તિત્વની છાપ ઉપસાવે છે અને તેના આત્માની ઝાંખી કરાવી રહે છે. શૈલી પણ તે કલાકૃતિની મુખશ્રી છે, શોપનહોરે આત્માની શૈલીને મુખલીલા પણ કહી છે. આમ જોતાં શૈલીના પ્રભાવનું મૂળ કલાકૃતિની વૈયક્તિક આત્મવત્તામાં જતું જોવા મળે છે, જેમ માણસના મુખનો પ્રભાવ એની સમગ્ર આત્મસમૃદ્ધિમાંથી પ્રતિબિંબ રૂપે પ્રગટ થતો હોય છે.’

આનો સાદો અર્થ એવો થયો કે જેમ વ્યક્તિનું દર્શન બદલાય તેમ તેની શૈલી પણ બદલાય. નિબંધસ્વરૂપનો ઇતિહાસ લખનારે પ્રશ્ન પૂછવાનો રહે કે સ્વામી આનંદ અને સુરેશ જોષીના શૈલીભેદ પાછળ કયાં કારણો રહેલાં છે.

હવે આપણે વિવિધ નિબંધકારોના પરિચ્છેદો લઈને તેમની શૈલીની તપાસ કરીએ.

**ચંદ્રકાંત શેઠ, 'ધૂળમાંની પગલીઓ', ૧૯૮૭**

'શાળા ક્યારેય મારી પ્રીતિનું ભાજન બની શકી નથી, અને આમ છતાં તે મારા શૈશવની રમણીય આધારશિલા તો રહી જ છે. કેટકેટલી નાનીમોટી ખટમાધુરી સ્મૃતિઓના રંગબેરંગી તાર કરોળિયાનાં જાળાં જેમ એની આસપાસ વણાઈને ચમકે છે ! શાળાના સ્મરણ સાથે જ ઉનાળાના લાંબા દિવસની આળસભરી કઠોર બપોરનું ઘારણ મારા મનમાં ને તનમાં વ્યાપી વળે છે. અમારી એ સરકારી શાળા ! સરકારી શાળાનો તો ચહેરોમહોરો જ જુદો ! એની સફેદ મેલી ભીંતો, એનાં નજરને સાંકડી કરી દે એવાં જાળિયાં, મનને ભારેખમ કરી દે એવાં એનાં બારીબારણાંના સખત કઠોર લાકડાં અને ટાઢા ઘેરા રંગો, એનું આકાશ ને જાણે રાતી આંખ બતાવતું હોય એવું લાલ નળિયાંવાળું છાપરું, શાળાના મકાનની પાછળ જ ભૂતિયા આંબલી અને એના કમ્પાઉન્ડને બાંધીને ઊભેલો કંઈક જીર્ણ એવો કોટ અને રાંટો ઝાંપો; એનાં જડસા જેવાં ખુરશી, ટેબલ ને કબાટ, આંખને ઊંઘ પ્રેરે એવાં બ્લેકબોર્ડ; પીળાં હાજરીપત્રકો અને કાળી શાહીના ખડિયા અને લાલ હોલ્ડરો – આ સર્વ શાળાના ચહેરામાંથી ઊપસતું જોવા મળે છે. વિદ્યાર્થી કરતાં હાજરી અહીં મહત્ત્વની છે ! માણસ કરતાં ફાઇલ અહીં વધારે ભરોસાપાત્ર છે. મંત્ર ગૂંગળાઈ જાય એવી તંત્રશ્રદ્ધાનો સંકેત કરતું પ્રાથમિક શાળાનું એ મકાન ! એમાં મેં સેં ચાર વર્ષ સફળતાથી કાઢેલાં ! મને આજે માન ઉપજે છે મારી એ ઝળહળતી સફળતા માટે !'

શાળાજીવનનો મને હંમેશા કંટાળો આવતો. છતાં એ મારા બાળપણના જીવનનો એ મધુર અનુભવ તો રહ્યો જ છે. આજે જ્યારે એ શાળાજીવનને યાદ કરું છું ત્યારે કેટલી બધી સ્મૃતિઓ ઘેરાઈ વળે છે. શાળા યાદ કરું એટલે ઉનાળાના એ લાંબા લાંબા દિવસો, એ શુષ્ક દિવસોની યાદ મારા મનમાં, શરીરમાં વ્યાપી જાય છે. તેમાંય પાછી અમારી શાળા તો સરકારી, એનું તો બધું જુદું, સાવ જુદું. દેખાવ જુદો, કામ કરવાની પદ્ધતિ જુદી. ભીંતો સફેદ પણ મેલી, આરપાર જોતાં મુશ્કેલી પડે એવી જાળી. જોવાનું મન ન થાય એવાં બારણાં, જાડાં કઠણ લાકડામાંથી બનાવેલાં અને એવા જ ઉદાસ કરે એવા એના રંગ. એના પર લાલ નળિયાંનું છાપરું, તમને રાતી આંખ કાઢીને બીવડાવતું ઊભું જ હોય ! આટલું ઓછું હોય તેમ શાળાની પાછળ જ આંબલી, તેના પર ભૂત છે એવી વાયકા સાંભળેલી, એ ચોગાનને અડીને ઊભી કરાયેલી દીવાલ અને વાંકોચૂંકો ઝાંપો. સાવ નિષ્પ્રાણ ખુરશી, ટેબલ... જોઈને ઊંઘ આવે એવાં કાળાં પાટિયાં, ખડિયા, રાતાં હોલ્ડર, રંગ ઊડી ગયેલાં હાજરીપત્રકો, આ બધું આંખ સામે તરી આવે છે. માણસની કિંમત નથી, ફાઇલ મહત્ત્વની છે. પ્રાચીન કાળની આધ્યાત્મિકતા તો અહીં ટકી જ ન શકે. અહીં તો વહીવટની બોલબાલા અને એવી શાળામાંય મેં ચાર ચાર વરસ વીતાવ્યાં હતાં. કેવી રીતે વીતાવ્યાં હશે ? આજે યાદ કરું છું ત્યારે એ સફળતા ગૌરવ લેવા જેવી લાગે.

ચંદ્રકાંત શેઠ આરંભે નકારાત્મક અભિગમ વ્યક્ત કરી દે છે. પણ એક અપ્રચલિત શૈલીવિશેષનો ઉપયોગ અહીં કરવામાં આવ્યો છે. પણ આ નકાર ઝાઝો સમય ટકતો નથી, એટલે તરત શાળાને 'શૈશવની રમણીય આધારશિલા' કહીને તેની મહત્તા સ્થાપી દે છે. આમ કહો એટલે હવે શૈશવકાલીન અનુભવો પ્રત્યેની તીવ્ર આરત ધીમે ધીમે પ્રગટ થવા માંડે છે.

શૈશવની સ્મૃતિઓનું વર્ણન કરવા માટે કરોળિયાના જાળાના રંગબેરંગી તારના ઉપમાનનો વિનિયોગ કર્યો. ચંદ્રકાન્ત શેઠે અહીં એક રીતે બહુ જાણીતી ઉપમા ઉપયોગમાં લીધી. ધીમે ધીમે સામાસિક શબ્દોથી આલેખાતું ત્રીજું વાક્ય સ્મૃતિઓની અધિકતા અને તેના વૈભવને પ્રગટ કરે છે. વળી સ્મૃતિઓ એક બાજુ રંગબેરંગી છે, તો બીજી બાજુ ખટમધુરી છે. આમ કહીને એની વિવિધતા સૂચવાઈ સાથે એની ગુણપરકતા પણ સૂચવાઈ. લેખક કવિ છે એટલે અવારનવાર કાવ્યાત્મક શૈલી પ્રગટી ઊઠે છે. આરંભે જે વાત કરી હતી(શાળાજીવન પ્રત્યેનો અણગમો) તે દિશામાં લેખક આગળ વધે છે. શાળાનું સ્મરણમાત્ર ઉનાળાના લાંબા દિવસો, બપોર, આળસ અને ઘારણ જેવા સાહચર્યો જગવી જાય છે.

ધીમે ધીમે નિબંધકારનો સૂર બદલાતો જતો અહીં વરતાશે. શાળાજીવનની વાત નર્યા આલંકારિક વર્ણનમાં આલેખ્યા પછી લેખક કટાક્ષની દિશામાં ગતિ કરતા લાગશે. શાળાના ઓરડાનું વર્ણન જે શબ્દો દ્વારા કરવામાં આવે છે તે શબ્દો શાળા પ્રત્યેનો અભાવ સૂચવી જાય છે એ રીતે નિબંધકારને કશું પ્રગટપણે કહેવાની જરૂર પડતી નથી. 'સરકારી શાળાનો તો ચહેરોમહોરો જ જુદો !' અહીં કટાક્ષનો સૂર ઘેરો બને છે. શાળા અને વર્ગખંડની સામગ્રીની જે યાદી આપવામાં આવી છે તે એક બાજુ શાળાનું તાદૃશ ચિત્ર ઊભું કરે છે તો બીજી બાજુ લેખકના અણગમાનું કારણ પણ એમાંથી મળી રહે છે. વિદ્યાર્થીને બદલે તેની સ્થૂળ હાજરી, માણસ કરતાં તેની ફાઇલ બધારે મહત્ત્વનાં છે એમ કહીને જડતાના ગૌરવ સામેનો તીવ્ર અસંતોષ પ્રગટી ઊઠે છે. ક્યારેક અભિધામાં કશું જ કહેવાની જરૂર પડતી નથી.

લેખક ક્યાંય પણ પોતાના સુખદ સ્મરણોની વાત કરતા નથી, ક્યારેક વર્તમાનની હતાશા ભૂતકાળની સમૃદ્ધિ તરફ લઈ જતી હોય છે, અહીં એક કંટાળાજનક સમયની સ્મૃતિ આલેખાઈ છે.

સુમન શાહ સંપાદિત 'સન્ધાન' : ૧માં બળવંત જાનીએ ચંદ્રકાન્ત શેઠ માટે લખ્યું છે :

'...શૈશવકાળમાં સર્જકે વેઠેલી કપરી પરિસ્થિતિઓ, બિન્દાસ પરાક્રમો અને અન્ય પ્રસંગોમાંથી સર્જકનું સભર શૈશવ ઊપસે છે. આત્મવૃત્તાંતકારની આત્મીયતા અને નિખાલસતા સાથે સર્જકની અભિવ્યક્તિરીતિ ભળેલી હોઈ આ આત્મવૃત્તાંત વિશેષ સ્પર્શક્ષમ બન્યું છે. આજથી ચાલીસપીસ્તાલીસ વર્ષ પૂર્વેની શિક્ષણ અને સમાજલક્ષી વિગતો તથા ગામડાંની ખરી પરિસ્થિતિ પણ આ નિમિત્તે પ્રગટે છે.'

આ પરિચ્છેદમાં મિશ્ર શબ્દભંડોળ જોવા મળે છે. ખંડનો આરંભ અપરિચિત શૈલીથી થાય છે. શાળા પ્રત્યેનો તિરસ્કાર અને શૈશવકાળનો આધાર આ બંનેને સમાંતર હતાં એ માટે બંનેને એક

જ વાક્યમાં યોજી બે વાક્યોને 'અને આમ છતાં'થી જોડી દીધાં છે.

પોતાની એ શાળા માટેનો જે ભાવ છે તે કાકુ દ્વારા અભિવ્યક્ત કરવામાં આવ્યો છે. એ સમયે પણ માનવગૌરવનો પુરસ્કાર કરવામાં આવતો ન હતો એ સૂચવવા હાજરીપત્રકના મહત્ત્વ પર ભાર આપ્યો છે. એવી જ રીતે શાળામાં તો મંત્રનું મહત્ત્વ હોવું જોઈએ પણ આ શાળાઓપમાં એ ન હતું, એમને વહીવટમાં વધારે રસ હતો એ બતાવવા માટે 'મંત્ર'ની સામે 'તંત્ર'ની વાત કરવામાં આવી છે. પ્રાસાનુપ્રાસ વડે ભારે કટાક્ષ કરી શકાયો છે. વચ્ચે વચ્ચે 'કરોળિયાનાં જાળાં' જેવાં અલંકારનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એ સિવાય કાવ્યાત્મક શૈલીનો વિનિયોગ કરવામાં આવ્યો નથી.

સામાન્ય રીતે આવા નિબંધોમાં શાળાજીવનની મહત્તા ઘણી વાર તો અતિશયોક્તિ દ્વારા કરવામાં આવતી હોય છે. અહીં એવું જોવા મળતું નથી. એટલે જ વ્યાજસ્તુતિ કરતા હોય એવી રીતે 'અમારી એ સરકારી શાળા' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે.

**મણિલાલ પટેલ, 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે', પૃ. ૩૮-૯**

'વાદળ ઓથે ઢંકાઈ જતાં ગિરિશૃંગોનું ભૂખરું ભૂખરું સુખ ઇચ્છું છું. થોડુંક જ આગળ ગયેલા વરસાદનો પગરવ હજુ શમ્યો નથી. ઝરણાં એની પાછળ દોડતાં જાય છે પણ ન પહોંચ્યાનો રંજ છોડીને શિશુની કાલી કાલી વાણી જેવું વહ્યે જાય છે, ટપટપટપ ટપકતાં વૃક્ષોની ગંભીર ઘટામાં વરસાદનો કાળોમસ ભાર હજી ગોટાતો સંભળાય છે ને ત્યારે વર્ષાભીના પર્વતો મારી છાતીને કેમ પીડે છે એનો જવાબ શોધવા જવું પડતું નથી. અણઊઘડેલી ગુલાબની કળી ઘૂંઘટમાંથી પ્રથમ વાર પતિને જોતી પરણેતરની જેમ અધબીડી પાંપણે આકાશમાં વાદળોની પગલી-લિપિ વાંચે છે. ઘૂંઘટ ત્યજવાની ઉતાવળ નથી ને હિંમત પણ. લાલ લાલ થઈ ગયેલા કર્ણમૂલની જેવી ગુલાબની કૂંપળો એક કાન બનીને ટપકતાં નેવાંને સાંભળે છે – ટપકવાની એની ઉત્કંઠા અછતી રહેતી નથી. વીજળી તાર પરની મોતીની માળ હજીય તૂટી નથી ને ત્યાંજ ફરીથી અશ્વોની હ્રેષા જેવો નગર ઉપર વરસાદના પછડાવાનો અવાજ દોડે છે... પર્વતો અધીરા બનીને ઊભા છે... સહસ્ર કંઠે ગવાતા શ્લોકની જેમ વર્ષા કોઈ ગીત ગાઈ ઊઠે છે... યજ્ઞ હોમને સાંભળતાં અસંખ્ય ચૂપ પ્રેક્ષકોની જેમ સૃષ્ટિ વર્ષાપાઠમાં જ ભીંજાય છે. માયાનું રહ્યુંસહ્યું વસ્ત્ર અંગે ચોંટતું જ જાય છે ને બધુંય અપારદર્શક બની જાય છે.'

મને હંમેશા વાદળ પાછળ ઢંકાયેલો પર્વતોની ટોચનો ભૂખરો રંગ જોવો ગમે છે. હમણાંજ વરસાદ શમ્યો છે, એની ભીની ખુશ્બૂ હજી હવામાં ફેલાઈ રહી છે. પેલા વિદાય થઈ ગયેલાને પકડવા ઝરણ એની પાછળ દોટ મૂકે છે. વરસાદને ન પકડી શક્યાનો અફસોસ એની વાણીમાં વહી રહ્યો છે. હજી તો વરસાદમાં નાહીને ઊભેલાં વૃક્ષોનાં પાંદડાં પરથી વરસાદના પગરવનો ભારે ધ્વનિ ટપટપ સંભળાઈ રહ્યો છે. વરસાદથી ભીંજાયેલા આ પર્વતો મારામાં શા માટે પીડા જન્માવે છે એનો મર્મ પામવો મુશ્કેલ નથી. ગુલાબની કળીઓ તો જાણે પહેલી વાર ઘૂંઘટમાંથી પ્રિયતમનું દર્શન કરતી હોય તેમ વાદળનાં પગલાં નિહાળે છે.એને ઘૂંઘટ કાઢવાની ઉતાવળ નથી, મજાલ નથી. તો બીજી બાજુ રાતી બની ગયેલી કાનની બુટ જેવી ગુલાબની કૂંપળો ટપકતાં નેવાંનો અવાજ સાંભળી રહી છે. હવે એને પણ ટપકવાની ઉતાવળ છે. વીજળીના તાર પર બાઝેલાં મોતી હજી અખંડ છે અને ત્યાં જ હણહણાટ કરતા ઘોડાની જેમ વરસાદ તૂટી પડે છે. પર્વતોએ ધૈર્ય ગુમાવી દીધું છે. કોઈ સામૂહિક મંત્રસ્તોત્ર થતો હોય એમ વર્ષાનું સુમંગલ સંગીત વહેવા માંડે છે. સમગ્ર સૃષ્ટિ એ પવિત્ર વાતાવરણમાં ભીંજાય છે. પ્રકૃતિલીલાનું આ વણાટ અંગોને સ્પર્શે છે ને જાણે બધું જગહત ધૂંધળું બની ઊઠે છે.

આ પરિચ્છેદમાં પહેલા વાક્યનો પૂર્વાર્ધ એક સુંદર દૃશ્યચિત્ર જન્માવે છે પણ તેની સાથે તેનો ઉત્તરાર્ધ પેલી અસરકારકતાને અળપાવી દે છે. વરસાદ હવે થંભી ગયો છે એમ કહેવાને બદલે તેને જુદી રીતે આલેખે છે કે તેનો પગરવ હજુ શમ્યો નથી. વળી ઝરણાંનું વર્ણન માત્ર શોખ ખાતર આવતું હોય એમ લાગે છે. દર વખતે સજીવારોપણ ઉપકારક નીવડતું નથી. ઝરણાના વહેવાનો લય શિશુની કાલી વાણી સાથે ગૂંથવાનો પ્રયત્ન કર્યો છે. બંનેની શિશુવય અહીં માણવી ગમે પણ ખરી. વૃક્ષોની ઘટાઓ વરસાદને હજુ સંગ્રહીને બેઠા છે એના સંદર્ભે કરેલું વર્ણન આસ્વાદ્ય બની રહે પણ તરત કવિ એ દિશામાં આગળ જવાને બદલે ગુલાબની કળી પર ચાલ્યા જાય છે. અહીં ઉપમાન અને ઉપમેયનો સંબંધ કદાચ અસરકારક લાગતો નથી. આટલા બધા સજીવારોપણની કોઈ જરૂર ન હતી. હા, લાલ લાલ થઈ ગયેલા કર્ણમૂળ સાથે ગુલાબની રતાશને સરખાવી તે આકર્ષક લાગે. વીજળીતાર પરની મોતીની માળનું વર્ણન સ્પર્શે એવું છે ખરું , પરંતુ ફરી વરસાદ ટૂટી પડે છે એ માટે અશ્વોની હ્રેષા જેવો પ્રયોગ સર્જકે કર્યો છે. અપરિચિત શબ્દપ્રયોગોનો વિનિયોગ ઘણી વાર એ તરફ આપણું ધ્યાન ખેંચવા કરવામાં આવતો હોય છે. પણ આપણને એમ લાગે કે આ વર્ણનોમાં સ્વાભાવિકતાને બદલે કૃત્રિમતા વિશેષ છે.

ભોળાભાઈ પટેલ 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે'ની પ્રસ્તાવનામાં નોંધે છે :' ...આ નિબંધોમાં મણિલાલ એક શૈલીકાર તરીકે આવે છે. એમાં આવેગ છે. એમાં ઊર્મિ છે. પણ એ શૈલી, અગાઉ નિર્દેશ કર્યો છે તેમ નિબંધો માટે ક્યારેક વધારે પડતી કવિતાઈ બની જતી લાગે છે. અલંકારોમાં સજીવારોપણની બહુલતાય મર્યાદા બની જાય છે. તો વળી, સર્જકની રુચિને નોંધતા તેઓ કહે છે કે 'વર્ષા નિબંધકારને મન 'મુક્તિની ઋતુ' છે ... વર્ષાએ અનેક રીતે નિબંધકારની ચેતનાને આક્રાન્ત કરી છે..'

આ પરિચ્છેદમાં કાવ્યાત્મકતા ભારોભાર પડેલી જોવા મળે છે. ઇન્દ્રિયગોચર કલ્પનો તો આપણે વાક્યે વાક્યે જોઈ શકીશું. સાથે સાથે સજીવારોપણનો આશ્રય વધારે લીધો છે. આ અલંકાર કેટલાક પ્રશ્નો પણ જન્માવશે.

## પ્રીતિ સેનગુપ્તા, 'ધવલ આલોક, ધવલ અંધકાર', પૃ. ૨૭-૮



'બહાર જ રહેવાનો લોભ ખાળી હું થોડું લખવાવાંચવા અંદર ગઈ. થોડી વારે અચાનક ઊભી થઈ બારીમાંથી બહાર જોયું ને ઉત્તેજિત થઈ જવાયું. હાથવગા કેમેરાને ઝડપીને બહાર ધસી ગઈ. પેલા પ્રકાશોજ્જ્વલ, સૌંદર્યોજ્જ્વલ, ગૌર-શ્યામ તીક્ષ્ણ ત્રિકોણાકારોનું જળમાં અક્ષત, અન્યૂન પ્રતિફલન થતું હતું. અબ્ધિ એટલું નિષ્કંપ હતું, ને કદાચ અત્યંત નિર્મળ પણ હશે. (બિંબ-પ્રતિબિંબ, હશે શું પ્રતિસ્પર્ધી બંને ? કયું ઊર્ધ્વ ને કયું નિમ્ન ? કોણ મૂર્તિ અને કોણ મુકુર ? જે સપાટી પર તે ઊંડાણમાં, જે મુખ પર તે મનમાં -સરખું બધું, મૌલિક અને અનુકરણ, મોહન અને છલન, યથાર્થ અને અતથ્ય, વિજય અને પરાભવ) હિમદૃશ્યો દુનિયામાં ઘણી જગ્યાએ જોવા મળે છે, અને એ સુંદર પણ હોઈ જ શકે; તે છતાં, આ બાહુલ્ય, આ સાતત્ય, આ મહિમ્ન અદ્વિતીય છે, અસાધારણ છે. (અરે, એ કેવી રીતે ભૂલાય કે આ ઍન્ટાર્કટિકા છે ? જે પૃથ્વીના કોઈ બીજા ભાગ જેવો નથી તે આ પ્રદેશને બીજા કોઈ ભાગ સાથે સરખાવી જ ક્યાંથી શકાય ?)'

મારે થોડુંક વાંચવું લખવું હતું એટલે બહાર રહેવાનો મોહ છોડી હું અંદર ગઈ. જરાક રહીને અચાનક મારી નજર બહાર ગઈ તો એકદમ વિહ્વળ થઈ ઊઠી. કેમેરા પાસે જ હતો એટલે તે લઈને બહાર દોડી ગઈ. તીણી ત્રિકોણાકાર આકૃતિઓ પ્રકાશ, સૌન્દર્યથી દેદીપ્યમાન હતી અને એ શ્વેતશ્યામ આકૃતિઓનું પૂરેપૂરું પ્રતિબિંબ પાણીમાં પડતું હતું. (આ છાયા અને પડછાયા શું એકબીજાના હરીફ હશે ? કોણ ઉત્તમ અને કોણ નિમ્ન ? કોણ પ્રતિમા અને કોણ ફૂલ ? જે બહાર છે તે અંદર છે, જે હોઠ પર તે અંતરમાં, બધું સરખું... સાવ નવું અને પ્રતિકૃતિ, માયા અને છલના, સત્ય અને અસત્ય, હાર અને જીત) જગતમાં ઘણે ઠેકાણે આવી હિમઘટનાઓ નજરે ચઢે છે. એ મનોહર પણ સંભવે,પરંતુ આ બહુલતા, આ અખંડતા, આ મહિમા અનુપમ છે, અસામાન્ય છે. (મારાથી કેવી રીતે ભુલાય કે આ દક્ષિણ ધ્રુવીય પ્રદેશ છે ? અને તે ધરતીના બીજા કોઈ ભાગ જેવો નથી, એને બીજા કશા સાથે સરખાવી કેમ શકાય ? )

આરંભે સાવ સાદી ઘટનાનું નિરૂપણ કરવામાં આવ્યું. તૂતક પરથી પોતાની કેબીનમાં ગયેલાં લેખિકા પ્રવાસી છે પણ એ સાચા પ્રવાસી છે. જે જગતની એકેએક લીલા જોવા માટે તત્પર છે એટલે જ કેબીનની બારીમાંથી જે દેખાયું તેણે તરત જ બહાર આવવાની ફરજ પાડી. બહાર જવાની ઉત્તેજના તેમની પાસે 'કેમેરાને ઝડપીને બહાર ધસી ગઈ.' શબ્દપ્રયોગ કરાવે છે. વળી 'હું ઉત્તેજિત થઈ ઊઠી' એ વાક્ય ધારો કે પ્રયોજાયું હોત તો એનો એવો પ્રભાવ ન પડત. અહીં બહારના સૌંદર્યે એમને ફરજ પાડી અને જે બને છે તે આપોઆપ બને છે એવું સૂચન પણ અહીં અભિપ્રેત છે. અને એકાએક ભાષા બદલાઈ ગઈ. જે આંખ સામે છે એને વર્ણવવા ભાષા સાવ જુદા જ પ્રકારની પ્રયોજવી જોઈએ. એટલે એકાએક તત્સમપ્રધાન શબ્દો આવી ગયા. સૌંદર્ય, પ્રકાશ જેવા શબ્દો, ક્યાંક પુનરાવર્તનનો વહેમ જાય છતાં એ સહી લેવું પડે, કારણ કે એની પાછળ અદમ્ય ઉત્સાહ છે. હવે ધીમે ધીમે પ્રકૃતિની આ લીલા સર્જકને પ્રેરે છે. આ પ્રદેશમાં સૂર્યની જે લીલા છે તે તેમની પાસે એક જુદા જ પ્રકારની અનુભૂતિ કરાવે છે. પરસ્પરવિરુદ્ધ એવા યુગ્મો રચાય છે અને તે પ્રશ્નો સર્જે છે. વાચાળ લાગે છતાં તેઓ આ બધા શબ્દો પ્રયોજે છે. આપણને એમ લાગે છે કે અહીંથી એક જુદું જ જગત આરંભાય છે. કદાચ ઇન્દ્રિયસભરતામાંથી ઇન્દ્રિયાતીત તરફની ગતિ અહીં સૂચવાઈ જાય છે. આ વિલક્ષણ અનુભૂતિને નિબંધકાર શબ્દબદ્ધ કરી શક્યા છે તેનો આનંદ છે. છતાં પુનરાવર્તનો નિબંધના પોતને શિથિલ તો કરે છે.

'નિબંધ અને –'માં પ્રવીણ દરજી નોંધે છે :

'લેખિકાના વ્યક્તિત્વનો અસલ રંગ જ ભ્રમણભરપૂરતાનો રહ્યો છે. અનવરત અન્વેષણને તે પ્રવાસનો મકસદ લેખે છે. તેમને 'પહોંચી જવામાં' નહિ પણ 'જવું' તેમાં રસ છે.. કવિત્વમય, ચિત્તભરી શૈલીમાં, અંદરના રણકા સાથે એ બધું એવી રીતે વ્યક્ત થયું છે કે વાચક પણ પ્રવાસ કરી આવ્યાનું અનુભવી રહે. પંચેન્દ્રિયોને સતેજ રાખી ફરતી આ બ્રેવો પ્રવાસિનીએ, ગુજરાતી પ્રવાસસાહિત્યને એક નવી દિશા આપી છે.'

તો સુમન શાહ સંપાદિત 'સંધાન : ૩, ૪' મણિલાલ પટેલ પ્રીતિ સેનગુપ્તાના 'પૂર્વા' નિબંધસંગ્રહને આધારે જે વિશેષતા નોંધે છે તે અહીં પણ લાગુ પડી શકે.

'એમાં લેખિકાની સૌંદર્યલુબ્ધ દૃષ્ટિ, સંવેદનપટુ હૃદય અને ભાવગત ભાષા ભળતાં સર્જનાત્મક પરિમાણો ઊપસ્યાં છે. નિબંધોમાં વર્ણનને નિયંત્રિત કરતી અને એને આરોહે અવરોહે ખીલવતી સર્જકસંચેતના પણ પમાય છે. તેથી જ આ નિબંધો ચીલાચાલુ ઘરેડમાં પડતાં ઘણુંખરું બચી ગયેલાં છે. આપણો પ્રવાસલેખક પશ્ચિમની કે પૂર્વની સંસ્કૃતિ અને ભૌતિક સમૃદ્ધિથી એટલો બધો અંજાયેલો રહે છે કે એને સ્વસ્થ તુલનાનું ભાન કે પરિસર પ્રમાણવાનું જ્ઞાન લાધતાં નથી... પ્રીતિબેનના નિબંધોમાં એ પ્રકૃતિની (વિદેશની) ઉપેક્ષા નથી થઈ, ને એમણે નિર્વ્યાજ આનંદથી એનું વર્ણન કર્યું છે.'

આ પરિચ્છેદમાં સંસ્કૃતપ્રચુર શબ્દો ભરપટ્ટે જોવા મળશે : ઊર્ધ્વ-નિમ્ન, મુકુર, મોહન-છલન, અક્ષત, અન્યૂન, પ્રતિફલન, અબ્ધિ નિષ્કંપ, ગૌરશ્યામ, પ્રકાશૌજ્જવલ, સૌંદર્યોજ્જ્વલ વગેરે પ્રયોજાયા છે. આવા શબ્દો દર વખતે સાર્થક લાગતા નથી. જ્યાં સાદોસીધો તત્સમ મળે ત્યાં પણ લેખિકાએ અતિતત્સમ પ્રયોજ્યા છે. ક્યારેક એ સહજ લાગતા નથી.

બારી બહારના દૃશ્યને વર્ણવતી ભાષા કાવ્યાત્મક તો છે પણ સાથે સાથે ચિંતનાત્મક બનવા જાય છે. તત્ત્વજ્ઞાનમાં પરસ્પર વિરુદ્ધ ધ્રુવોની સંવાદિતા પર ભાર મૂકવામાં આવ્યો છે તેનું પ્રતિબિંબ અહીં પડે છે. અહીં જે છે તે તો દૃશ્યાત્મક છે એટલે બહુધા દૃષ્ટિગોચર કલ્પનોનો કે વિશેષણનોનો વિનિયોગ કરવામાં આવ્યો છે.

'મને અજવાળા કરતાં અંધારાનું વિશેષ આકર્ષણ છે, હું બહુ જ નાનો હતો ત્યારે મને અંધારાની બહુ બીક લાગતી. હવાની એક ઝાપટથી ફાનસ ઠરી જાય અને અંધારાની કાળી બિલાડીઓ ઘરમાં ધસી આવે ત્યારે હું બીકનો માર્યો ફાટી પડતો. મોટા મોટા ભેંકડા તાણીને રોવા માંડતો. આપણી આંખ સામે અંધારું છવાઈ જાય ત્યારે ફાનસ ઠરી ગયું છેં એમ કહેવા કરતાં આપણે ખોવાઈ ગયા છીએ એમ કહેવું વધારે ઉચિત લાગે છે. આપણે જેટલો પ્રકાશનો મહિમા કરીએ છીએ એટલો અંધારાનો કરતા નથી. અંધારાને મેં વિવિધ સ્વરૂપે જોયું છે ને માણ્યું છે. ગામને પાદર તળાવ સુકાઈ ગયું હોય અને ઘરના નળમાં પાણીનું એક ટીપુંય ન આવતું હોય એ નળના પાઇપમાં સૂતેલું અંધારું મેં જોયું છે. દીવાસળીની ટોચ પર અજવાળાનો વેશ કાઢીને બેઠેલું અંધારું મેં જોયું છે. આપણા ઘરમાં ટ્યુબલાઇટો ઝળહળતી હોય પણ ઇલેક્ટ્રિકના વાયરના પોલાણમાં સરકતું અંધારું મેં જોયું છે. આકાશમાં નક્ષત્રો જોવા સાથે સાથે બે તારાઓ વચ્ચે લબકારા માંરતું અંધારું મેં જોયું છે. અંધારાની વાત કરીએ છીએ ત્યારે પ્રકાશનો અનાદર નથી કરતાં, પણ પ્રકાશને ધારણ કરવાની શક્તિ જેટલી અંધારામાં છે તેટલી શક્તિ આપણી કાચની આંખમાં નથી. જો અંધારું ન હોત તો ગોખલામાં પ્રગટાવેલા દીવાનો કોઈ મહિમા ન હોત. જો અંધારું ન હોત તો બાળપણના દિવસોમાં આંધળો-પાટો રમવાની મઝા મારી જાત.'

મને હંમેશા અજવાળા કરતાં અંધારું વધારે ગમે છે. બચપણમાં તો હું અંધારાથી બી મરતો હતો. પવનના એક સપાટાથી ફાનસ ઓલવાઈ જાય અને અંધકારના જુદા જુદા ઓળા અંદર ધસી આવતા. હું સાવ ગભરાઈ જતો. મોટે મોટેથી રડવા બેસી જતો. નજર સામે અંધકાર આવી જાય ત્યારે ફાનસ ઓલવાઈ ગયું છે એમ કહેવા કરતાં આપણે જ અદૃશ્ય થઈ ગયા એમ કહેવું વધુ સારું નથી ? આપણે માટે અંધારા કરતાં અજવાળું વધુ ચડિયાતું છે. આ અંધારાંનાં જુદાં જુદાં રૂપ મેં જોયાં છે ને આસ્વાદ્યાં છે. ગામના છેડે તળાવ સુકાઈ ગયું હોય, ઘરના પાઇપમાંથી પાણી આવતું જ ન હોય ત્યારે ત્યાં પોઢેલું અંધારું મેં જોયું છે. દીવાસળીના ટોચકા પર પ્રકાશનું રૂપ લઈને અંધકાર ત્યાં બેઠેલો હોય છે. આપણા ઘરોમાં ટ્યુબલાઇટ ઝળહળે છે પણ વીજળીના તારના પોલાણમાં અંધકાર હોય છે. આકાશમાં નક્ષત્રો તો હોય પરંતુ મેં બે તારલા વચ્ચે લબ લબ કરતું અંધારું જોયું છે. અંધકારની આવી બધી વાતોનો અર્થ એવો ન કરતા કે અજવાળાનું આપણે અપમાન કરીએ છીએ. પરંતુ પ્રકાશને ઝીલવાની તાકાત અંધારામાં ઘણી વધારે છે, તે તાકાત આપણી આ આંખોમાં નથી. અને જો અંધકાર જ ન હોત તો ગોખમાં દીવો કરવાનું કોઈ પ્રયોજન ખરું ? નાના હતા ત્યારે બાળપણની રમત આંધળો પાટો રમવામાં કોઈ આનંદ આવત ખરો ?

આરંભે જ નિબંધકાર કહી દે છે કે મને અજવાળા કરતા અંધારું વધારે ગમે છે. ગુજરાતી ભાષામાં પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, મણિલાલ દેસાઈ, સુરેશ જોષી, ગુલામમોહમ્મદ શેખ જેવા સર્જકોએ અંધકારને કેન્દ્રમાં રાખીને અનેક સુંદર રચનાઓ કરી છે. અનિલ જોશી પણ એ પરંપરામાં રહીને અંધારાનો મહિમા કરે છે. આરંભનાં બે સાદાં વાક્યો પછી તરત જ અલંકારપ્રધાન ઉક્તિ આવે છે, પણ 'અંધકારની બિલાડીઓ' શબ્દપ્રયોગ અચાનક નવા જ પ્રકારની સર્જકતાનો અનુભવ કરાવી જાય છે. પછી એક સર્વસામાન્ય વિધાન આવે છે. એક રીતે અંધકારના સ્વરૂપને ન ઓળખી શકતા લોકો પ્રત્યે ઉપાલંભ વ્યક્ત થયો છે. પરંતુ આપણે અપેક્ષા રાખી હોય અને એ તૃપ્ત ન થાય એવું જેમ જેમ આગળ જઈએ છીએ તેમ તેમ લાગવા માંડે છે. નળના પાઇપમાં, ઇલેક્ટ્રિક વાયરમાં, તારાઓ વચ્ચે અંધકારની અનુભૂતિ કરવા માંડે છે. પરંતુ અંધકારનાં અપરિચિત રૂપ પ્રગટવાં જોઈએ તે નથી બનતું અને સામાન્યતામાં સરી જવાય છે. કારણ કે પછી માત્ર એક યાદી આપણી સામે આવી જાય છે. અંધકારનું એવું કોઈ સ્તોત્ર પ્રગટતું નથી.

આ પરિચ્છેદમાં એવા કોઈ વિશિષ્ટ શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. જ્યાં અનિવાર્યતા વરતાઈ ત્યાં સંસ્કૃત તો ક્યાંક તદ્ભવનો ઉપયોગ કર્યો છે. અનિલ જોશી સુંદર કાવ્યો લખે છે પરંતુ એ કાવ્યાત્મકતા અહીં તેમને ખાસ કામ લાગતી નથી. વાયરના પોલાણમાં કે દીવાસળીના ટોચકામાં અંધારું છે એમ કહો ત્યારે સામાન્ય વાચકને નવીનતાનો અનુભવ થાય પરંતુ આ નવીનતા નવીનતા ખાતર જ પ્રયોજાઈ છે.